

# મોતની વાત

રાજપરના ઠાકોર નાહીધોઈને બેઠા હતા.

ટપાલી આવ્યો.

પરબીડિયું આપી ગયો.

ઠાકોરે પરબીડિયું ખોલ્યું.

રાજકોટથી તેમના એક મિત્રનો કાગળ હતો. એમાં લખેલું કે એક મિનિટની પણ રાહ ના જોશો. પહેલી બસ આવે એમાં રાજકોટ આવી પહોંચો. ખાસ કામ છે.

ઠાકોરે તરત જ મિયાં ફુસકીને બોલાવ્યા.

દોડાદોડ ફુસકી મિયાં આવી ગયા.


ઠાકોરે ફુસકી મિયાંને વાત કહી : "અમારે અત્યારની બસમાં રાજકોટ જવું છે. તમે અને તભા ભટ અમરાપુર જજો. ખાસ વાત ભૂલતા નહીં.

ત્યાં જઈને જમનાદાસ શેઠને મળજો. કહેજો કે રાજપરથી આવું છું. ઠાકોરે મોકલ્યો છે. સોના સાડાબાર આપો. પછી જે આપે એ લઈ લેજો. કોઈ જાણે નહીં એમ સાચવીને પાછા રાજપર આવી જજો. આ કામ સાચવીને કરવા જેવું છે. જરાય ભૂલ કરશો નહીં."

મિયાં બોલ્યા : "ભલે, ભલે. તભા ભટને બોલાવી લાવું."

ઠાકોર કહે : "બોલાવવા જેટલો સમય નથી. તમે બધી વાત કહી દેજો."

આમ વાત સમજાવીને ઠાકોર ઊપડી ગયા.



ફુસકી મિયાં દોડ્યા.

તભા ભટના ઘરે પહોંચ્યા. જતાંની સાથે બોલ્યા : “આમ પગ પર પગ ચડાવીને બેઠા કાં? થાઓ ઊભા.”

ભટજી કહે : “કાં?”

મિયાં મોઢું મચકાવીને બોલ્યા : “કાં કાં કરે કાગડા. અત્યારે વાતોમાં સમય બગાડવાનો સમય નથી. ઝટ ઊભા થાઓ. માથે પાઘડી મૂકો. ઝભ્ભો તો તમે પહેરતા જ નથી. પગમાં જૂતાં ચડાવો અને ચાલો.”

ભટજી ધીમેથી બોલ્યા : “શું કામ છે, ક્યાં જવું છે એ જાણ્યા વિના અમે નહીં ચાલીએ.”

મિયાં કહે : “ઠાકોરને એકાએક બહારગામ જવાનું થયું. તેમણે મને બોલાવીને વાત સમજાવી કે તમારે અમરાપુર જવાનું છે. ખાનગી કામ છે. બોલીશું તો કોઈ સાંભળી જશે. કામ ઉતાવળનું છે. અમરાપુર જવાનું અને ત્યાં શું કરવું તે બધું સમજાવીને ઠાકોર ગયા છે. તમારે સાથે આવવાનું છે.”

ભટજી કહે : “અત્યારે બપોર થવા આવ્યા છે. અમરાપુર પહોંચાશે નહીં. મારગમાં જ રાત પડી જાય. મારગમાં વન અને વગડો આવે છે.”

ફુસકી મિયાં બોલ્યા : “ભલે ને આવે. અમે રાતફાતથી બીતા નથી.”

ભટજીએ કહ્યું : “સવારમાં વહેલા ઊઠીને જઈએ તો સાંજ થતાં અમરગઢ પહોંચી શકીએ. ત્યાં રાત રોકાઈશું. સવારમાં અમરાપુર જઈશું.”

ફુસકી મિયાં માન્યા નહીં.



ઘરે ગયા. તૈયાર થઈ ગયા. અમુબીબીએ પણ સલાહ આપી કે સવારમાં વહેલા જાઓ તો સારું.

ખભે તલવાર લટકાવીને મિયાં નીકળ્યા. તભા ભટ પણ સાથે ચાલ્યા.

ચાલતાં ચાલતાં ભટજી સમજાવતા ગયા કે અમારી વાત માનો. અત્યારે પાછા ઘરે જાઓ. સવારમાં આપણે બન્ને મોજથી ચાલીશું. આમ સમજાવે છે અને ભટજી ફુસકી મિયાં સાથે દલાશેઠની દુકાન પાસે થઈને નીકળ્યા.

દલાશેઠે બૂમ પાડી : “એ ભટજી!”

તભા ભટ ઊભા રહ્યા.

દલાશેઠ પૂછે છે : “વહેલા વહેલા બન્ને ભાઈબંધો ક્યાં ઊપડ્યા?”

ભટજી કહે : “જરૂરી કામ છે. વચ્ચે રાત રોકાવું પડે એમ છે. અમે કહીએ છીએ કે કાલે વહેલી સવારમાં જઈશું, પણ આ મિયાં માનતા નથી.”

આમ કહીને ભટજીએ બાજુમાં જોયું તો ફુસકી મિયાં ઊભા રહ્યા નથી. દલાશેઠ સાથે તભા ભટ વાતો કરવા ઊભા રહ્યા અને ફુસકી મિયાં ચાલતા થઈ ગયા. વળી વધારે ઝડપથી ગયા. તભા ભટ લફાલફ કરતા ગયા.

બૂમો પર બૂમો પાડી. મિયાં દેખાતા નહોતા.

તભા ભટ પાછા ગામમાં ગયા.



દલાશેઠની દુકાન પાસેથી નીકળ્યા.

દલાશેઠે પૂછ્યું : “કાં? ફુસકી મિયાંને ક્યાં મૂકી આવ્યા?”

ભટજી કહે : “મોતના મારગે.”

દલાશેઠને મનમાં તો આનંદ થયો, પણ દેખાડો કરવા મોઢું દુખિયારું બનાવીને કહે : “એવા ખોટા મારગે જવા ના દેવાય. પકડી રાખવા જોઈએ.”


ભટજી ચૂપચાપ ઘેર ગયા.


મિયાં ફુસકી પાછું વળીને જોતા પણ નથી. દોડમદોડ ભાગ્યા જાય છે. શ્વાસથી છાતી ફૂલવા લાગી. જરા પાછળ જોયું. ભટજી દેખાયા નહીં.

આજુબાજુ જોયું. એટલામાં બીજું કોઈ દેખાયું નહીં. પોતાને કોઈ જોતું નથી. ઝટ પગનાં જૂતાં કાઢ્યાં, બગલમાં દબાવ્યાં અને દોડવા માંડ્યા.

મિયાંએ વિચાર કર્યો કે ચાલવા કરતાં દોડીએ તો અડધા સમયમાં અમરાપુર પહોંચી જવાય. આમ વિચારીને ઊપડ્યા. બહુ દોડે તે વહેલો થાકે આ વાત ફુસકી મિયાં આજ સમજ્યા. દોડતાં દોડતાં છાતી ધમણની પેઠે ફૂલવા માંડી. હૃદય ધડક ધડક થવા માંડ્યું અને થાકી ગયા. દોડ્યા થોડું પણ થાક્યા ઘણું.

દોડવાનું બંધ કર્યું. હળવે હળવે ચાલવા લાગ્યા. એમ જતાં જતાં સૂરજ આથમી ગયો. ત્યારે હળવું અંધારું





ઊતરવા માંડ્યું. પગ થાક્યા. કોઈ માણસ આવતું-જતું સામે મળતું નહોતું. જ્યાં થોડે દૂર ગયા ત્યાં અંધારું વધી ગયું. હવે તો ઝાડનાં ઝુંડ વચ્ચે થઈને ચાલવાનું આવ્યું. ચારેબાજુ તમરાં તમ તમ તમ બોલતાં હતાં. હવા પણ થીજી થઈ હતી. ઊંચે જોયું તો તારા ચમકતા દેખાયા.

ફુસકી મિયાં ગભરાયા. વિચારે છે કે આવા વગડામાં રાતના સમયે ચાલવું એ ઠીક નથી. કોઈ જંગલી જાનવર સામે આવી જાય તો ઉપાધિ થઈ પડે અને કોઈ ડાકુ કે ચોરટા મળી જાય તો તો મોટી ઉપાધિ થાય. ચોરટા બડા પાજી હોય છે. પહેલાં તો માર મારે અને પછી જે મળે એ લઈને ભાગી જાય. આવા ઘણા વિચાર કરતા થોડે દૂર ગયા કે અંધારું જામ્યું. મારગ પણ દેખાતો નથી. ફુસકી મિયાં ગભરાયા. આવા અંધારામાં ચાલવું ના જોઈએ. તો કરવું શું?

વગડામાં અને અંધારામાં બેસી રહેવું એ ઠીક નહીં. એક વાત છે. મોટું કોઈ ઝાડ હોય તો ઉપર ચડીને ડાળો વચ્ચે બેસી જવું. આમ વિચારીને ફુસકી મિયાં ઝાડ જોવા લાગ્યા. અંધારામાં બરાબર દેખાતું નહોતું. એક ઝાડ જોયું. બીજું જોયું. એમ કરતાં દસ-વીસ ઝાડ જોયાં. કોઈ ડાળ પર બેસાય એવું નહોતું. કોઈના થડ ઉપર ચડી શકાય એમ નહોતું. એમ જોતાં જોતાં ઝાડની ઘટામાં પહોંચી ગયા. ત્યાં વડનું એક ઝાડ મળી ગયું. ઘટાટોપ વડલાની ડાળો વચ્ચે બેસવાનું ફાવે એવું દેખાયું. વડને વડવાઈઓ લટકતી હતી.

એ પકડીને ફુસકી મિયાં વડ ઉપર ચડી ગયા. હાશ, હવે જીવને શાંતિ થઈ. બે-ત્રણ ડાળો એકસાથે લાંબી વધી હતી. હળવે હળવે ડાળો પકડીને વચલી ડાળ ઉપર ફુસકી મિયાં ગોઠવાઈને બેઠા. જાણે કોઈ આરામખુરશીમાં બેઠા હોય એવી મજા મળી. પગ લટકતા રાખ્યા. બીજી ડાળ પીઠ પાછળ હતી. એને ટેકો દીધો. એક ડાળ માથા આગળ હતી. એને પકડી રાખી. આમ આરામથી બેઠા.

સમય વીતવા માંડ્યો. ઘડીક આંખો મીંચે છે અને ઘડીક પટપટાવે છે. આમ કરતાં અડધી રાત પૂરી થઈ. હવે ફુસકી મિયાંએ દબાવીને આંખો મીંચી લીધી. મનમાં નક્કી કરી લીધું કે ગમે એમ થાય પણ હવે આંખ ઉઘાડી રાખવી નથી. આંખ ઉઘાડી હોય તો મનમાં બીક આવી જાય છે.

આમ આંખ મીંચીને બેસી ગયા. એકાએક કશોક બોલ સંભળાયો. મિયાં ચમક્યા. બરાબર કાન દઈને સાંભળ્યું. હા, કોઈ હળવે હળવે બોલે છે એ નક્કી. તે પણ ઝાડની નીચે જ બોલે છે. કોણ હશે? શું બોલતા હશે?

એકદમ આંખ ઊઘડી ગઈ. માથું નીચું નમાવીને જોયું. અંધારું તો હતું જ. નીચે કોઈ દેખાયું નહીં, પણ બે-ચાર માણસો નીચે બેઠા હોય અને વાતો કરતા હોય એવું લાગ્યું. શું વાતો કરતા હશે અને હશે કોણ?

આવી અંધારી રાતે અને આવી ગીચ ઝાડીમાં આવા સમયે અહીં આવે કોણ? અહીં કોઈ મારગ પણ નથી કે મારગે જતા કોઈ મુસાફર થાક ખાવા બેઠા હોય. વળી ગુસપુસ વાતો કરે છે. કોઈ ચોરટા હશે કે શું?


ચોરટા હોય તે આવી ઝાડીમાં ઘૂસે. આવી અંધારી રાતે બીજા કોઈ અહીં આવે નહીં. વાત એવી જ હતી. ચાર ચોર હતા. કોઈ ન કરે એવી ચોરી આ ચોર કરતા હતા. અમરાપુર નગરમાં એક છોટાલાલ શેઠ હતા. તે એક શાહુકાર હતા. લાખો રૂપિયાનો વેપાર કરે, પણ સરકારને વેચાણવેરામાં એક પાઈ પણ આપે નહીં. ચાર ચોરોએ વિચાર કર્યો કે આ છોટાલાલ શેઠની તિજોરીમાં નોટોનાં બંડલ હોવાં જોઈએ. દાણચોરીનું સોનું તો હશે જ. માટે તેને ત્યાં ચોરી કરીએ.

ઘરનો છૂપો ભેદ મેળવ્યા પછી જ ચોર લોકો ચોરી કરે છે. ઘરમાં શું છે, ત્યાં શી રીતે પહોંચી



શકાય એવી બધી બાતમી ચોર લોકો પહેલાં મેળવી લે છે. એ બધી વાતો જાણ્યા વિના ચોર લોકો ચોરી કરવા કોઈ ઘરમાં ઘૂસતા જ નથી. એવી બાતમી તો ઘરનો જાણકાર માણસ હોય તે જ કહી શકે છે. તેથી પ્રથમ તો આ ચોરભાઈએ છોટાલાલ શેઠના એક નોકરને લાંચ આપી ફોડી દીધો. છોટાલાલ શેઠનો એ નોકર એક આંખે ફાંગો હતો અને ફાંગો-કાણો માણસ બડો લુચ્ચો અને ચતુર હોય છે એમ સમજીને ચોરટાઓએ આ ફાંગારામને લાંચ આપી. આ ફાંગારામ છોટાલાલ શેઠનો ચોકીદાર હતો. તેણે ચોરટાઓને બધી બાતમી આપી દીધી. છોટાલાલ શેઠની તિજોરી ક્યાં છે અને એ ઓરડામાં કેટલી તિજોરી છે અને કઈ તિજોરીમાં શું રાખે છે એ પણ કહી દીધું.

ચોરટાઓએ બરાબર દાવ જમાવ્યો. છોટાલાલ શેઠના બંગલામાં ઘૂસી ગયા. જે ઓરડામાં તિજોરી હતી એ ઓરડાનું તાળું તોડી નાખ્યું. ઓરડામાં જઈને એક તિજોરી તોડી નાખી. એમાંથી સો સો રૂપિયાની નોટોનાં બંડલ મળ્યાં. વીંટીઓ મળી. સોનાની લગડીઓ મળી. એ બધાંની પોટલી બાંધી.



ચોર ભાગ્યા. ફાંગારામ બહાર ચોકી કરતા હતા. ચોરટા બંગલામાંથી બહાર નીકળ્યા. ફાંગારામ સાથે ચોરટાઓએ નક્કી કર્યું હતું કે પ્રથમ થોડા રૂપિયા અને ચોરીમાં જે મળે એમાંથી પણ થોડું આપવું.

ફાંગારામ રાહ જોઈને ઊભા હતા. ચોર આવ્યા કે ભાગ માગ્યો.

ચોર કહે : “લઈ લો આ સો સોની દસ નોટ. પૂરા એક હજાર.”

ફાંગારામ બડા પાકા હતા. તેણે કહ્યું : "ના ના, સો સોની દસ નોટ મારે નથી લેવી. તિજોરીમાંથી મળેલી સોનાની લગડી આપો. ઘરેણાં, હીરામોતીનો હાર આપો."

ચોર કહે : "તિજોરીમાંથી એવું કશું નથી મળ્યું. સોની નોટનાં બંડલ મળ્યાં છે. જોઈએ તો એક આખું બંડલ આપી દઈએ."

ફાંગારામ કહે : "ના ના, સોની નોટ વટાવવા જતાં ક્યાંક પકડાઈ જવાય. માટે મને ઘરેણાં અને સોનાની લગડી આપો."

રાત હતી. ચોરી હતી. લાંબી રકઝક કરવા બેસે તો ક્યાંક પકડાઈ જાય. આવી બીકથી ચોરટાએ ફાંગારામને સમજાવ્યું કે લેવી હોય તો સો સોની નોટો લઈ લો.

ફાંગારામ કહે : "ના." ચોરને રીસ ચડી.

વડા ચોરના કાનમાં બીજા ચોરે કહ્યું : "ભાઈ, રકઝક કરશો તો ઉપાધિ થઈ પડશે."

વડા ચોરે તરત જ છરો કાઢ્યો અને ફાંગારામના ગળા પર મારી દીધો. ગળું કપાઈ ગયું એટલે ફાંગારામ બૂમ પણ પાડી શક્યા નહીં. ધડામ કરતા ફાંગારામ નીચે પડ્યા. બીજા ચોરને જોશ ચડ્યું. ગજવામાંથી મોટું ચાકુ કાઢ્યું. ફાંગારામના પેટમાં ચાકુ મારી દીધું. ફાંગારામ લોહીલુહાણ થઈને પડી રહ્યા અને ચોરટા નાસી ગયા.






આ ચોરટા ભાગતાં ભાગતાં નગરની બહાર નીકળી ગયા. વગડાની ઝાડીનો ભાગ આવ્યો. તેમણે વિચાર કર્યો કે હજી અંધારું છે, ઝાડીમાં ઘૂસીને બેસી જઈએ અને ચોરીના માલના ભાગ પાડી લઈએ. આમ વિચારીને ચાર ચોરટા ઝાડીમાં પેઠા. જે ઝાડ ઉપર ફુસકી મિયાં ચડી બેઠા હતા એ જ ઝાડ નીચે બેસી પડ્યા. પોટલાં છોડીને માલ વહેંચવા લાગ્યા.

ઝાડની ડાળ ઉપર બેઠેલા ફુસકી મિયાં જાણી ગયા કે નીચે કોઈ માણસો બેઠા છે અને ચૂપચાપ કશીક વાતો કરી રહ્યા છે. કદાચ ચોર હોય અને ચોરીનો માલ વહેંચવા બેઠા હોય તો?

શું કરવું? ચૂપ બેસી રહેવું. આમ વિચાર કરે છે અને ફુસકી મિયાં ઝાડની ડાળ પર બેઠા છે. રાતનું ઘોર અંધારું છે. ચોરટા ચોરીનો ભાગ પાડી રહ્યા છે. ગુસપુસ ગુસપુસ વાતો કરે છે. ફુસકી મિયાં ગુસપુસ વાતોના બોલ સાંભળે છે. મિયાં વિચારમાં પડ્યા. વિચારે છે કે આ ચોરટા ચોરી કરીને માલના ભાગ પાડવા બેઠા છે. તેમને ડરાવું?



વિચાર આવ્યો કે ઝાડ પરથી ચોર ઉપર કૂદી પડું. ચોર બીને નાસી જાય તો તો મજા થાય. પછી ચોરીના માલનું પોટલું લઈને નગરમાં જઈએ અને પ્રધાનજીને આપી દઈએ. એટલે પ્રધાનજી આપણા ઉપર પ્રસન્ન થશે. પછી કહેશે, બોલો! શું જોઈએ તમારે?

ત્યારે આપણે કહીશું કે અમને નાયબ પ્રધાન બનાવો. નાયબ પ્રધાન ના બનાવે તો કહીશું કે તો અમને રાજપર

ગામના સરપંચ બનાવી દો. આપણે સરપંચ બનીશું. આહાહાહા! ત્યારે તો આપણો વટ ખરેખરો જામશે. તભા ભટ તો રાજી રાજી થઈ જશે અને પેલા દલાશેઠ? ઓહોહોહો! દલાશેઠ અદેખાઈમાં એવા બળી ઊઠશે કે બસ. આપણે ખોંખારા ખાતા અને મોઢું મલકાવતા દલાશેઠની દુકાને જઈશું અને પૂછીશું કેમ છો દલાશેઠ? ત્યારે તે બળી બળીને રાખ થઈ જશે. આપણો ઠાઠ ખરેખરો જામશે. કેડે બાંધીશું તલવાર, માથે નવીનક્કોર ટોપી અને પગમાં ચમચમતી જયપુરી મોજડીઓ પહેરીશું. પછી બડા ઠાઠથી હાથ હલાવતા ફરવા નીકળીશું. ત્યારે પેલો ભગલો વાળંદ અને ભીમકો ધોબી નીચા નમી નમી બંદાને સલામો ભરશે. આહાહાહા... અને પેલો ચકુડો ચોર! તે તો આપણને જોઈને ભાગવા જ માંડશે.

આમ મનોમન બોલતાં બોલતાં ફુસકી મિયાં એવા તો તાનમાં આવી ગયા કે ભાન ભૂલી ગયા અને ‘ઓ ચોરટા ચકુડા... ઊભો રહે’ આમ બોલી પડ્યા. એ સાથે જ ડાળ પરથી લથડી ગયા અને ઊથલી પડ્યા.

ડાળ ઉપરથી ફુસકી મિયાં નીચે પડ્યા.

ડાળ ઉપરથી નીચે પડતાં પડતાં એવી બૂમ પાડી કે ‘ચકુડો ચોર, ચોર, પકડો...’

‘પકડો પકડો’ એમ બોલતાં ફુસકી મિયાં ડાળ ઉપરથી એવા પડ્યા કે સીધા ચોરટા ઉપર જ પડ્યા.



ચોર, ચોર અને પકડો, પકડો એવી બૂમ સાથે ફુસકી મિયાં નીચે પડ્યા કે ચોર ઊભા થઈ ગયા. તેમને લાગ્યું કે નક્કી પોલીસની ટુકડી આવી ગઈ છે. આપણને છાનામાના ઘેરી લીધા હશે અને હવે પકડવા માટે સિપાઈ કૂદી પડ્યા છે, માટે ભાગો. ફુસકી મિયાં ચોરની ઉપર પડ્યા એટલે બીજો કશો વિચાર કરવા ચોર ભાઈઓ ઊભા જ રહ્યા નહીં.


વડો ચોર એકદમ બોલી ઊઠ્યો : "ભાગો લ્યા."

અને ચાર ચોર ભાગી પડ્યા. પછી તો કોણે ક્યાં જવું અને કેમ બચવું એ કશું વિચારવા રહ્યા જ નહીં. જેને જેમ ફાવ્યું એમ નાઠા. એ રીતે ચોરટા નાસી ગયા.

ફુસકી મિયાં નીચે પછડાયા. ખરેખરો માર વાગ્યો. ઘડીક તો એવું લાગ્યું કે જાણે પીઠનું હાડકું ભાંગી ગયું હશે. પડ્યા એવા જ ભોંય સાથે ચોંટી રહ્યા. આંખો કચકચાવીને મીંચી લીધી. ના સળવળ્યા કે ના હાથપગ હલાવ્યા. થોડી વાર એમ ને એમ પડી રહ્યા. ઝાડ ઉપરથી પડતાં પડતાં ચોર ચોર, પકડો પકડોની બૂમો પડાઈ ગઈ, પણ ભોંય પર પછડાયા ત્યારે લાગ્યું કે અરરર! ચોરટા પોતાને પકડી લેશે અને મારી નાખશે તો? આવી બીકમાં ફુસકી મિયાં બધી પીડા ભૂલી ગયા. આંખો મીંચીને પડ્યા રહ્યા તેમ જ થીજીને રહી ગયા.

એક પળ ગઈ, બે પળ ગઈ. ફુસકી મિયાં મનમાં વિચારે છે કે હમણાં ચોરટાઓ પોતાને પકડીને બેઠો કરશે. પછી છરો કાઢશે અને પેટમાં ખોસી દેશે. ઝાડ ઉપરથી પડ્યા પછી વાગવાની પીડા પણ ફુસકી મિયાં ભૂલી ગયા.

ફુસકી મિયાં પડ્યા છે અને વિચારે છે કે ચોરટા ચૂપ કેમ થઈ ગયા હશે?



'અરે હા!' એકદમ ફુસકી મિયાંને યાદ આવી ગયું કે હું ઉપરથી પડ્યો તેથી બીને ચોરટા નાસી ગયા હશે. આમ વિચારીને હળવેથી મિયાંએ આંખો ઉઘાડી.

ચારેકોર ઘોર અંધારું હતું. દેખાતું નહોતું. આજુબાજુ જોયું. ચોરટા ત્યાં હોય એમ લાગ્યું નહીં. એકદમ મિયાં બેઠા થઈ ગયા.

પોતે ઉપરથી પડ્યા છતાં બહુ વાગ્યું કેમ નહીં! આ વાતની મિયાંને પોતાને નવાઈ લાગી. ઝાડની ડાળ બહુ ઊંચી નહોતી છતાં એટલે ઊંચેથી પડે તો પણ હાડકાં ભાંગી જાય એવું વાગે. છતાં પોતાને થોડું પીઠ પર અને એક હાથ પર જ દુખતું હોય એમ લાગ્યું.


'હા, હવે સમજાયું.' ફુસકી મિયાંએ ભોંય પર હાથ ફેરવ્યો તો ટોપી મળી ગઈ. એ માથે મૂકી. ઓ હો! ઘાસ અને પાંદડાં આ જગાએ પથરાઈ ગયાં છે તેથી પડવાનો માર વાગ્યો નથી. આમ વિચારીને આમતેમ હાથ ફેરવ્યો તો હાથમાં કપડું આવ્યું.

મિયાં એકદમ પાછળ ફરી ગયા અને કપડું જરા ખેંચ્યું. તો એમાંથી કશુંક ભોંય પર સરી પડેલું જોયું અને ત્યાં અજવાળું ચમક્યું.

આહાહાહા! ભારે નવાઈ અને આનંદથી ફુસકી મિયાં બોલી પડ્યા : 'આ શું?'

કપડામાંથી હીરા-મોતીના હાર નીકળી પડ્યા હતા. સાચા હીરા જડેલી વીંટીઓ હતી. એમાં જડેલા હીરાનાં તેજ ચમકી ઊઠ્યાં હતાં. સાચા હીરા અંધારામાં ચમકે છે.

ફુસકી મિયાંના આનંદનો કોઈ પાર રહ્યો નહીં.



ક્યાં વાગ્યું અને કેવું વાગ્યું એ બધી વાત જ ભૂલી ગયા અને ફુસકી મિયાંએ હીરા-મોતીનાં ઘરેણાં લઈને પાછાં કપડામાં મૂક્યાં. ત્યાં તો હીરાના તેજમાં સોનાની લગડીઓ ચમકી. દસ-પંદર જેટલી સોનાની લગડીઓ લઈને એ પણ કપડામાં નાખી. બાજુમાં હાથ ફેરવ્યો તો સો સો રૂપિયાની નોટોનાં બંડલ પણ મળ્યાં. એ લઈને કપડા પર મૂક્યાં. એ બધાંનું બાંધ્યું પોટલું. પોટલું જરા મોટું થયું.


આનંદ તો ખરેખરો થયો.

પોટલું બગલમાં દબાવીને ફુસકી મિયાં ઊપડ્યા. મોઢું હસતું થઈ ગયું છે. ચાલતાં ચાલતાં વિચાર કરતા જાય છે કે નગરમાં જઈશું, પ્રધાનજીને બંગલે પહોંચીશું. પ્રથમ તો પ્રધાનજીના નોકરચાકર આપણને બંગલામાં ઘૂસવા જ નહીં દે. કહેશે કે કોણ છો તમે?

ત્યારે બંદા બરાબર રુઆબથી કહેવાના કે એમ પૂછનાર તમે કોણ? જાઓ, કહો તમારા પ્રધાનજીને કે અમે આવ્યા છીએ.

નોકરચાકર બડા પાજી હોય છે. વળી આ તો પ્રધાનજીના નોકર એટલે તેમનો ઠાઠ પ્રધાનજીનાં બૈરાં કરતાં પણ બમણો હોય છે. તે ફરી કહેશે કે શું કામ છે તે જણાવો અને કાગળની કાપલીમાં નામઠામ લખીને આપો. ત્યારે બંદા બમણા રુઆબથી કહેવાના કે અમે નામઠામ તમને નહીં કહીએ. અમારે એવું ખાનગી કામ છે. હા, અમે મિયાં ફુસકી! જેવાતેવા નથી. અમે છીએ સિપાઈબચ્ચા!

મારગે ચાલતાં ચાલતાં ફુસકી મિયાં આવી વાત વિચારતા ગયા. એકદમ ઊભા રહી ગયા. એક વાત યાદ આવી ગઈ. હા, એ વાત સરસ યાદ આવી.



હીરા-મોતીના હાર અને સો સો રૂપિયાની નોટોનાં બંડલનું પોટલું હાથમાં લઈને આવા વગડામાં ચાલવું એ મૂરખાઈ ગણાય. પેલા ચોરટા ફરી સામે આવી જાય અને પોટલું ઝૂંટવીને ભાગી જાય તો? અથવા તો કોઈ બીજો ચોરટો જોઈ જાય અને તેને થાય કે આ મિયાંભાઈ એકલા એકલા પોટલું લઈને જાય છે તો પોટલું ઝૂંટવી, લઈ લે. તેય ઠીક, પણ સવાર પડે અને નગરમાં ઘૂસીએ ત્યારે કોઈ પોલીસને વહેમ આવે તો? પોટલામાં શું છે? આમ બોલીને પોટલું છોડવે તો? પોટલામાંથી હીરા અને સો સો રૂપિયાની નોટોનાં બંડલ જોતાં જ પોલીસ માની લે કે આ મિયાં ચોર છે. આવું બને તો પણ ઉપાધિ થાય.

આ વિચાર મનમાં આવ્યો કે ફુસકી મિયાં ઊભા રહી ગયા. માથું ડોલાવીને મનમાં બોલ્યા : તભા ભટ કહેતા હતા એ વાત ખોટી નથી કે ચેતીને ચાલવું. ફુસકી મિયાંએ જોયું કે હવે રાતનું અંધારું આછું થવા માંડ્યું છે. હવે નગર પણ નજીકમાં હોય એમ લાગે છે. દૂર દૂર હમણાં જ એક ભૂંગળું બોલ્યું. નક્કી નગરની નજીક પોતે આવી ગયા છે.

તો હવે વાર કરવી ન જોઈએ. સૂરજ ઊગી જાય તો લોકો આવે અને જાય. ત્યારે આ કામ બને નહીં. આટલામાં કોઈ જગાએ થોડો ખાડો ખોદીને એમાં પોટલું દાટી દેવું. એ જગા ઉપર કશીક એવી નિશાની મૂકવી કે એ જગા તરત ઓળખી શકાય. ફુસકી મિયાંએ એક જગાએ ખાડો ખોદી કાઢ્યો. માટી પોચી હતી. આજુબાજુ રેતી હતી. પોતાની પાસે છરી તો હતી જ. એની અણી વડે થોડું ખોદીને ખાડો બનાવી દીધો. એમાં પોટલું મૂકીને ઉપર માટી દાબી દીધી. બાવળના મોટા મોટા બે કાંટા એ જગા ઉપર ઊંધા ખોસી દીધા. બીજા કોઈને એ વાત ધ્યાનમાં પણ આવે નહીં.



આ નિશાની બરાબર યાદ રાખીને ફુસકી મિયાં ચાલતા થઈ ગયા. હજી આકાશમાં તારા ચમકતા હતા. ઉગમણી દિશામાં આછો પીળા અજવાળાનો પટ દેખાવા માંડ્યો હતો. હજી થોડું આછું અંધારું હતું જ કે અમરાપુર આવી ગયું. બે-પાંચ સાઇકલો પણ જતી દેખાણી. કોઈ ઘોડાગાડી દોડતી જતી હોય એમ લાગ્યું. નજીકમાં જ, સડકથી થોડે દૂર કોઈ મોટા બંગલાનો દરવાજો હશે એમ લાગ્યું.

ફુસકી મિયાંએ વિચાર કર્યો કે બંગલા ફરતો કોટ અને એનો જ એ દરવાજો છે. ત્યાં કોઈ ચોકીદાર તો હશે જ. ત્યાં જાઉં અને ચોકીદારને પૂછી લઉં કે આપણા પ્રધાનસાહેબનો બંગલો ક્યાં હશે?

આમ વિચારીને ફુસકી મિયાં ચાલ્યા. હજી અંધારું તો હતું જ. બંગલાનો દરવાજો તો બંધ હતો, પણ એની બારી ઉઘાડી હતી. ફુસકી મિયાંને લાગ્યું કે હવે સવાર થવા આવ્યું છે એટલે ચોકીદારે દરવાજાની બારી ઉઘાડી છે. બારી પાસે ગયા કે ફુસકી મિયાં અટક્યા. દરવાજાની આ બારી પાસે જ કોઈ પડ્યું છે.

“કોણ છો ભાઈ?” કહેતાં ફુસકી મિયાં તેની પાસે ગયા. કોઈ ઢગલો થઈને પડેલું હોય એમ લાગ્યું. ફુસકી મિયાંને થયું કે કદાચ ચોકીદાર જ હશે. બેભાન થઈને પડી ગયા હોય. એકદમ ફુસકી મિયાંએ પાસે જઈને તેના શરીર પર હાથ મૂક્યો. “કેમ ભાઈ? કેમ ઢળી પડ્યા છો? શું થયું છે?” આમ પૂછતાં પડેલા ભાઈને ઢંઢોળવા લાગ્યા. “અરરર!” ફુસકી મિયાંએ એકદમ પોતાનો હાથ ઊંચો કર્યો. પોતાનો હાથ લોહી વાળો થયો હોય એમ લાગ્યું.

